# એક સમર્થ ઓન્ટેરિયો બનાવવું

## *2023 બજેટ* આજ અને ભવિષ્ય માટે મજબૂત અર્થતંત્રનું આયોજન કરે છે

ટોરોન્ટો — આજે, નાણાં પ્રધાન Peter Bethlenfalvy એ જાહેર કર્યું ઓન્ટેરિયોનું *2023 બજેટ: એક સમર્થ ઓન્ટેરિયો બનાવવું*. આ યોજના ભાવિ પેઢીઓ માટે મજબૂત નાણાકીય પાયો નાખતી વખતે લોકો અને ધંધાઓને આજે મદદરૂપ થવા એક જવાબદાર, લક્ષ્યાંકિત અભિગમ સાથે પ્રવર્તમાન વૈશ્વિક આર્થિક અનિશ્ચિતતામાંથી બહાર નીકળવાનો માર્ગ બનાવે છે.

મંત્રી Bethlenfalvy એ કહ્યું, "ઓન્ટેરિયોનું અર્થતંત્ર મજબૂત છે, પણ આગળનો માર્ગ અચોક્કસ હોવાનું ચાલુ છે". "આપણી સરકારે આ પડકારોને પહોંચી વળવા યોગ્ય યોજના બનાવી છે. આપણે ઓન્ટેરિયોનું નિર્માણ કરી રહ્યાં છીએ જેથી આપણી પાસે સમગ્ર પ્રોવિન્સમાં વૃદ્ધિને ટેકો આપવા ભવિષ્ય માટે મજબૂત અર્થતંત્ર અને જરૂરી માળખાગત સગવડ હોઈ શકે."

સરકારની યોજના ખર્ચ ઘટાડીને, મુખ્ય ઈન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સનું ઝડપથી નિર્માણ કરીને અને, ધંધાઓ, પરિવારો અને કામદારોને મદદ કરવા વધુ નોકરીઓ અને રોકાણ આકર્ષીને વૃદ્ધિને આગળ વધારવા નોંધપાત્ર પગલાઓ લઈ રહી છે. ઝાંખીઓમાં સામેલ છે:

- નવી Ontario Made Manufacturing Investment Tax Credit (ઓન્ટેરિયોમાં નિર્મિત મેન્યુફેક્ચરિંગ ઇન્વેસ્ટમેન્ટ ટેક્સ ક્રેડિટ) શરૂ કરી રહ્યું છે, જે સ્થાનિક ઉત્પાદકોને પોતાના ખર્ચાઓ ઘટાડવા, કામદારોમાં રોકાણ કરવા, નવીનતા લાવવા અને વધુ સ્પર્ધાત્મક બનવામાં મદદરૂપ થવા 10 ટકા રિફંડપાત્ર Corporate Income Tax (કોર્પોરેટ આવકવેરો) ક્રેડિટ પૂરી પાડશે.
- ઓન્ટેરિયોની નિર્ણાયક ખનીજ વ્યૂહરચના (Critical Minerals Strategy) આગળ વધારવી, જે ઓન્ટેરિયો-સ્થિત ઇલેક્ટ્રિક વાહન (EV) અને બેટરી ઉત્પાદન સહિતના, ઉત્તરી ઓન્ટેરિયોમાં ઉદ્યોગો, સંસાધનો અને કામદારો તેમજ દક્ષિણી ઓન્ટેરિયોમાં ઉત્પાદન વચ્ચે વધારે સપ્લાય ચેઇન કનેક્શન્સને સહાયરૂપ બને છે. સરકાર 2023-24 માં વધારાના $3 મિલિયન અને 2024-25 માં $3 મિલિયનનું રોકાણ ઓન્ટેરિયો જુનિયર એક્સ્પ્લોરેશન પ્રોગ્રામ (Ontario Junior Exploration Program) માં કરી રહી છે જેથી વધારે કંપનીઓને સંભવિત ખનિજ અનામતો શોધવામાં અને આ વિકસતા ક્ષેત્રમાં વધુ રોકાણ આકર્ષવામાં મદદ મળે. સરકાર Ring of Fire સુધીના રોડ્સ બનાવવાનું કાર્ય પણ ચાલુ રાખી રહી છે.
- EV બેટરી ઉત્પાદન સગવડ St. Thomas, ઓન્ટેરિયોમાં સ્થાપવા માટે Volkswagen AG ની પેટાકંપનીની સૌથી તાજેતરની ઘોષણાં પહેલાં પણ, EV બેટરીઓ અને બેટરી સામગ્રીઓના વૈશ્વિક ઓટોમેકર્સ અને સપ્લાયર્સ દ્વારા ઑન્ટેરિયોને EV સપ્લાય ચેઇન પર વૈશ્વિક અગ્રણી તરીકે સ્થાન અપાવવા $16 બિલિયન ઉપરાંતનું રોકાણ આકર્ષવું.

- ભાવિ Bradford Bypass પર ક્રોસિંગ બ્રિજ, Kitchener અને Guelph વચ્ચેના નવા Highway 7 માટે બાંધકામનો આગળનો તબક્કો, Highway 401 ને Pickering થી ઇસ્ટર્ન ઓન્ટેરિયો મારફતે પહોળો કરવાનું કામ ચાલુ રાખવા સહિત મુખ્ય ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ્સ પર બાંધકામ શરૂ કરીને, નોકરીઓનું સર્જન કરવું અને સમુદાયોને જોડવાનું, ગીચતામાંથી છુટકારો મેળવવાનું ચાલુ રાખવું, તેમજ Highway 413 નિર્માણની યોજનાઓ સાથે આગળ વધવું.
- કામદારો માટે વધારે સુલભ, લચીલી તાલીમની તકો પૂરી પાડવા યુનિયન ટ્રેનિંગ હોલ સહિત, ખાનગી-ક્ષેત્રની નિપુણતાનો લાભ લેવા અને તાલીમ કેન્દ્રોના વિસ્તરણ માટે કૌશલ્ય વિકાસ ભંડોળ (Skills Development Fund) ના નવા મૂડી પ્રવાહ માટે 2023-24 માં $224 મિલિયન પૂરા પાડવા.
- પ્રોવિન્સમાં, કુશળ વ્યવસાયોમાં માંગમાં રહેતા વ્યાવસાયિકો સહિત, વધારે કુશળ કામદારોને આકર્ષવા ત્રણ વર્ષમાં વધારાના $25 મિલિયન સાથે ઓન્ટેરિયો ઇમિગ્રાન્ટ નોમિની કાર્યક્રમ (Ontario Immigrant Nominee Program) વધારવો.

કામદારો માટે કામ કરીને, ખર્ચાઓ ઓછાં રાખીને અને વધારે સારી સેવાઓ પૂરી પાડવાથી, ઓન્ટેરિયોની યોજનામાં ભાગ લેવાની અને તેમાંથી લાભ મેળવવાની તક દરેક વ્યક્તિને મળશે. ઝાંખીઓમાં સામેલ છે:

- ટોરોન્ટો અને પીલમાં બાંધકામ પ્રત્યે બેવડી-સાઇટના પ્રોજેક્ટને આગળ વધારીને, પ્રોજેક્ટના વિકાસને તેની મંજૂરીના આગલા રાઉન્ડમાં વેગ આપવા $9.6 મિલિયનના વધારાના રોકાણ વડે, Runnymede Healthcare Centre ના First Responders Wellness and Rehabilitation Centre (ફર્સ્ટ રિસ્પોન્ડર્સ વેલનેસ ઍન્ડ રિહેબિલિટેશન સેન્ટર)માં પોસ્ટ-ટ્રોમેટિક સ્ટ્રેસ ઇન્જરી અને અન્ય સહવર્તી માનસિક આરોગ્ય વિકારો અનુભવતા પ્રથમ પ્રતિભાવ આપનારાઓની સંભાળના સંપૂર્ણ સાતત્યને ટેકો આપવો.
- 100,000 વધારાના વરિષ્ઠ નાગરિકો કાર્યક્રમ અને વાર્ષિક ધોરણે ફુગાવાને અનુરૂપ લાભ માટે લાયક બને તે જોવા, જુલાઈ 2024 થી શરૂ થતો Guaranteed Annual Income System (GAINS - ગેરંટેડ એન્યુઅલ ઈન્કમ સિસ્ટમ) કાર્યક્રમ વિસ્તારવા ફેરફારોની દરખાસ્ત કરીને વધુ વરિષ્ઠ નાગરિકોને નાણાકીય સહાય પૂરી પાડવી.
- પ્રવર્તમાન હાઉસિંગ એફોર્ડેબિલિટી કટોકટીનો સામનો કરવા બધાં નવા મોટા પાયે હેતુસર-નિર્મિત રેન્ટલ હાઉસિંગ પ્રોજેક્ટ્સ પર Harmonized Sales Tax (HST - હાર્મોનાઇઝ્ડ સેલ્સ ટેક્સ) સ્થગિત કરવા ફેડરલ સરકારને આહવાન કરવું. ઓન્ટેરિયો આ પગલાને ટેકો આપશે, કારણ કે તેનાથી વધારે ભાડાના આવાસ એકમોના બાંધકામને પ્રોત્સાહન આપવાની સાથે સાથે નોકરીઓનું સર્જન કરવામાં મદદ મળશે, આર્થિક વિકાસને પ્રોત્સાહન અને વૃદ્ધિને ટેકો મળશે.
- બેઘર રોકથામ કાર્યક્રમ (Homelessness Prevention Program) અને સ્વદેશી સહાયક આવાસીય કાર્યક્રમ (Indigenous Supportive Housing Program) માં દર વર્ષે વધારાના $202 મિલિયન સાથે સહાયક આવાસમાં રોકાણ કરવું જેથી બેઘર અનુભવતા અથવા બેઘર થવાનું જોખમ ધરાવતા, માનસિક આરોગ્ય અને નશીલા પદાર્થના સેવન સાથે સંઘર્ષ કરી રહેલા લોકો, સુપરિચિત સાથીની હિંસાથી બચતા લોકોને મદદ મળે, અને સહાયક આવાસ પહોંચાડતી સામુદાયિક સંસ્થાઓને ટેકો મળે.

- 2023 માં શરૂ થતી 100 અંડરગ્રેજ્યુએટ બેઠકો, તેમજ 2024 થી શરૂ કરીને અને આગળ જતા દેશ-વિદેશમાં તાલીમબદ્ધ ઓન્ટેરિયોવાસીઓને અગ્રતા આપવા 154 પોસ્ટગ્રેજ્યુએટ તબીબી તાલીમ બેઠકો ઉમેરવા ત્રણ વર્ષમાં વધારાના $33 મિલિયન રોકીને ઓન્ટેરિયોના વધારે વિદ્યાર્થીઓને ડૉક્ટર બનવામાં મદદ કરવી. ઓન્ટેરિયોવાસીઓને પ્રોવિન્સની મેડિકલ સ્કૂલોમાં અંડરગ્રેજ્યુએટ જગ્યાઓ માટે પણ અગ્રતા આપવાનું ચાલુ રહેશે.
- 2023 નાં પાનખરથી શરૂ કરીને, હળવાથી મધ્યમ ખીલ, નાના ચાંદા, ડાઇપરથી ત્વચાનો સોજો, યીસ્ટ ચેપ, પિનવોર્મ્સ અને થ્રેડવોર્મ્સ અને સગર્ભાવસ્થામાં ઉબકા અને ઊલટી સહિતની સામાન્ય બિમારીઓ માટે ફાર્માસિસ્ટને ઓવર-ધ-કાઉન્ટર દવાઓ લખવાની મંજૂરી આપવા પ્રોગ્રામનો વિસ્તાર કરવો.
- વધારે લોકોને માનસિક આરોગ્ય અને વ્યસન મુક્તિ સેવાઓ સાથે જોડવા ત્રણ વર્ષમાં વધારાના $425 મિલિયન પૂરા પાડવા, જેમાં આરોગ્ય મંત્રાલય દ્વારા અપાતું ભંડોળ સમુદાય-આધારિત માનસિક આરોગ્ય અને વ્યસન મુક્તિ સેવાઓ પૂરી પાડનારાઓના પાયાના ભંડોળમાં પાંચ ટકાનો વધારો સામેલ છે.
- ત્રણ વર્ષમાં $1 બિલિયનનું રોકાણ કરવાની *2022 બજેટ*ની કટિબદ્ધતા ચાલુ રાખવી જેથી વધારે લોકો પોતાના ઘર અને સમુદાયની સુવિધામાં સંભાળ સાથે જોડાય. સરકાર હવે 2023-24 માં $569 મિલિયન સુધીનું ભંડોળ લાવવા રોકાણોને વેગ આપી રહી છે, જેમાં ઘર અને સામુદાયિક સંભાળના કર્મચારીઓમાં સ્થિરતા લાવવા માટે કરાર દરમાં વધારાને ટેકો આપવા લગભગ $300 મિલિયનનો સમાવેશ થાય છે. આ ભંડોળથી ઘરેલું સંભાળ સેવાઓનું વિસ્તરણ પણ થશે અને સંભાળની ગુણવત્તા સુધરશે, લોકો માટે સંભાળ સાથે જોડાવાનું વધારે સરળ અને ઝડપી બનશે.
- યુવાનોને જીવન કૌશલ્ય વિકાસ, માધ્યમિક-પર્યંત શિક્ષણ, તાલીમ અને રોજગારના માર્ગો દ્વારા નાણાકીય સ્વતંત્રતા હાંસલ કરવામાં મદદ કરવા રેડી, સેટ, ગો (Ready, Set, Go) પ્રોગ્રામને સહાયરૂપ થવા ત્રણ વર્ષમાં $170 મિલિયનનું રોકાણ કરીને બાળ કલ્યાણ તંત્ર છોડી રહેલા યુવાનો માટે લાંબા ગાળાના પરિણામોમાં સુધારો કરવો.

મંત્રી Bethlenfalvy એ જણાવ્યું, "અમારા વિચારશીલ, પારદર્શક અભિગમથી અમારી પાસે સમગ્ર ઓન્ટેરિયોમાં પરિવારો, કામદારો અને ધંધાઓને ટેકો આપતી વખતે બજેટને સંતુલિત કરવાની યોજના છે." “અમે આ અભિગમ ચાલુ રાખીશું જે ઑન્ટેરિયોનું નિર્માણ કરી રહ્યું છે જેની પર આ પ્રોવિન્સના લોકો માત્ર આજે જ નહિ પરંતુ ભવિષ્યમાં પણ ગૌરવ અનુભવી શકે છે. ઓન્ટેરિયો જે સમર્થ હોય.”

સરકાર ઓન્ટેરિયોના આર્થિક અને રાજકોષીય અંદાજ પર અદ્યતન માહિતી પણ પૂરી પાડી રહી છે, એક એવી યોજના વડે કે જે 2024-25 માં બજેટને સંતુલિત કરશે, છેલ્લા બજેટના પૂર્વાનુમાન કરતાં ત્રણ વર્ષ પહેલાં.

## *હકીકતો પર ઝડપી નજર*

- ઓન્ટેરિયોની 2022–23 ખાધ $2.2 બિલિયન રહેવાનો અંદાજ છે — જે $17.7 બિલિયન ઓછી છે જેનો અંદાજ *2022 બજેટ*માં પ્રકાશિત થયો હતો અને તે ખાધ $4.4 બિલિયન ઓછી છે જેનો અંદાજ *2022–23 નાં ત્રીજી ત્રિમાસિક નાણા વ્યવસ્થા*માં પ્રકાશિત થયો હતો.

- સરકાર 2023-24 માં $1.3 બિલિયનની ખાધનો અંદાજ મૂકી રહી છે અને 2024-25 માં $0.2 બિલિયનની ઉપલક (સરપ્લસ) પોસ્ટ કરવાના ટ્રેક પર છે, જે *2022 બજેટ*માં અનુમાન કરતાં ત્રણ વર્ષ પહેલાં છે. સરકાર 2025-26 માં $4.4 બિલિયનની સરપ્લસ (ઉપલક) રહેવાનું અનુમાન રાખી રહી છે. આ એક હકારાત્મક અદ્યતન માહિતી હોવા છતાં, નોંધપાત્ર આર્થિક અને ભૌગોલિક-રાજકીય અનિશ્ચિતતા યથાવત રહે છે.
- ઓન્ટેરિયોની વાસ્તવિક જીડીપી 2022 માં અંદાજિત 3.7 ટકા વધી હતી અને 2023 માં 0.2 ટકા, 202 4માં 1.3 ટકા, 2025 માં 2.5 ટકા અને 2026 માં 2.4 ટકાનો વધારો રહેવાનો અંદાજ છે. વિવેકપૂર્ણ રાજકોષીય આયોજનના હેતુસર, આ અંદાજો ખાનગી-ક્ષેત્રના પૂર્વાનુમાનની સરેરાશ કરતાં સહેજ ઓછાં છે.
- ચોખ્ખું દેવું-ઉપર-જીડીપીનું પ્રમાણ 2022-23 માં 37.8 ટકા રહેવાનો અંદાજ છે - જે 2011-12 પછીનું સૌથી નીચું સ્તર છે. મધ્યમ ગાળાના અંદાજમાં, ઓન્ટેરિયોનું ચોખ્ખું દેવું-ઉપર-જીડીપી પ્રમાણ હવે 2023-24 માં 37.8 ટકા, 2024-25 માં 37.7 ટકા અને 2025-26 માં ઘટીને 36.9 ટકા રહે તેવું પૂર્વાનુમાન છે.

## વધારાના સંસાધનો

વાંચો *2023 નું બજેટ:એક સમર્થ ઓન્ટેરિયો બનાવવું*

વાંચો સરકારની યોજનાની વિશેષતાઓ

વાંચો આર્થિક અને નાણાકીય ઝાંખી

વાંચો *2022 ઑન્ટારિયો ઈનોમિક આઉટલૂક અને ફિસ્કલ રિવ્યુ - ઑન્ટારિયોની યોજના બનાવવાની: એક પ્રગતિ અપડેટ*

---

**મિડિયા સંપર્કો**

ontario.ca/finance-news
*Disponible en français*

Emily Hogeveen
મંત્રીનું કાર્યાલય

647-294-6166
Emily.Hogeveen@ontario.ca

Scott Blodgett
સંદેશાવ્યવહાર શાખા

416-728-9791
Scott.Blodgett@ontario.ca